ઓક્ટોબર ૨૦૧૧

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

અક્રમ એક્સપ્રેસ

ટી.વી. કેટલું જોવું !

અક્રમ એક્સપ્રેસ

ટી.વી. કેટલું જોવું !

અનુક્રમણિકા

૧ જ્ઞાનીઓ કહે છે...
૨ ટી.વી.વગર જીવાય ?
૬ ચિત્તના ફોટા
૯ આ તો નવી જ વાત !
૧૦ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૩ મીઠી ચાર્ટ
૧૪ ચાલો રમીએ...
૧૬ નીરૂમા સાથે બાળકો
૧૬ istar 2011

સંપાદકીય

બાળમિત્રો,

ટી.વી. જોયા વગર તમને એક અઠવાડિયું કાઢવાનું કહે તો તમે કાઢી શકો ? ન કાઢી શકોને ! તાવ આવી જાય, નહીં ? ટી.વી. આપણને ચોંટી પડ્યું છે કે આપણે ટી.વી.ને ચોંટી પડ્યા છીએ એ જ ખબર નથી પડતી. જેમ સિક્કાની બે બાજુઓ હોય છે એમ ટી.વી. જોવાના પણ ફાયદા અને ગેરફાયદા બન્ને છે. ના, ના, ગભરાશો નહીં. અમે તમારું ટી.વી. જોવાનું તદ્દન બંધ નથી કરાવી દેવાના.

પણ ટી.વી. કેટલું જોવું હિતકારી છે, ટી.વી. જોવાથી થતું નુકસાન, ટી.વી. જોવાનું ઓછું કરવાથી થતા ફાયદાની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો ચાલો, ટી.વી. કેટલું જોવું એ સમજીને આપણે પણ એના નિયમમાં આવીએ.

- ડિમ્પલ મહેતા

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૨
સળંગ અંક : ૩૮
ઓક્ટોબર ૨૦૧૧

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

જ્ઞાનીઓ કહે છે...

દાદાશ્રી : રવિવારે તમારા નજીકમાં જ સત્સંગ હોય છે તો કેમ આવતા નથી?

પ્રશ્નકર્તા : રવિવારે ટી.વી. જોવાનું હોયને, દાદા.

દાદાશ્રી : આ ચશ્મા આવ્યા છે તોય ટી.વી. જુઓ છો ? ટી.વી. તો આંખોને ખરાબ કરનારું છે. આંખોની શક્તિ તોડી નાખે છે.

નીરુમા: અમને ટી.વી. જોડે ભાંજગડ નથી. દરેક વસ્તુ જોવાની છૂટ હોય છે પણ છોકરાંઓએ પોતાના ભણતરના વિકાસ માટે આવતા ટી.વી. કાર્યક્રમો જ જોવા જોઈએ. જરૂરિયાત વગરના અને મોટા લોકો માટે આવતા કાર્યક્રમોમાં ટાઈમ બગાડવો જ ના જોઈએ. મનગમતા કાર્યક્રમો જોવા માટે પહેલા મમ્મી-પપ્પાના હંમેશા પૂછીને જ જોવા બેસવું અને એ પણ રોજના પોતાના ટાઈમ ટેબલ પ્રમાણે જ જોવું. જરાય વધારે નહીં. આ કરો છો તેને અમે 'ખોટું છે' એમ નથી કહેતા, પણ એમાં ટાઈમ બગડેને? 'વેસ્ટ ઓફ ટાઈમ' છે.

પ્રશ્નકર્તા: દિવસમાં બે-ત્રણ કલાક આપણે ટેલિવિઝન જોઈએ એ શું કહેવાય, દાદા?

દાદાશ્રી : ટી.વી. જોઈએ એટલે બસ ત્યાં જ ધ્યાન રહે. બીજે ધ્યાન રહે નહીં. એમાંય પોતાની જ આંખો બગાડીને જુએ છે. કંઈ લોકોની આંખો ઓછી બગાડે છે ?!



નીરુમા : છતાં ટી.વી. ના જ જોવું એવો આગ્રહ નથી. થોડીવાર જોઈએ ખરું, પણ એક બાજુ ટી.વી. હોય ને એક બાજુ સત્સંગ હોય તો શું ગમે? એટલે એવું નક્કી કરવાનું છે કે આપણે કયા રસ્તે જવું છે. મન તો બતાડે કે ટી.વી., ઈન્ટરનેટ જોઈ લઈએ પણ મનના કહ્યા પ્રમાણે ચાલીએ તો ધ્યેય તરફ પ્રગતિ ન થાય. દા.ત. પરીક્ષાના સમયે મન ટી.વી. જોવાનું બતાડે અને એ પ્રમાણે કરીએ તો વાંચવાનું રહી જાય અને નાપાસ થઈએ.

દાદાશ્રી : સમજાયું? ના સમજાય તો 'દાદા'ને પૂછવું. 'દાદા' તમને બતાવશે કે આ રસ્તા જોખમવાળા છે ને આ રસ્તો બિનજોખમી છે તે રસ્તે અમારા આશીર્વાદ લઈને ચાલવાનું છે.

આ મનુષ્યદેહ મહાપરાણે મળ્યો છે. બહુ કિંમતી છે આ દેહ. એમાંય પુણ્યૈ જાગી છે એટલે ઘેર બેઠાં ખાવા-પીવાનું મળે છે. પણ ટી.વી. જોઈને પુણ્યનો દુરુપયોગ કરે છે. આ પુણ્યનો સદુપયોગ તો એવો કરવો જોઈએ કે ટાઈમ છે તે આત્મા માટે કાઢવો જોઈએ. જ્યારથી નક્કી કર્યું કે હવે ટી.વી. જોવાની જરૂર નથી, ત્યારથી બંધ થઈ ગયું.

ટી.વી. વગર જીવાય ?

'તપન... ઓ તપન...' કિચનમાંથી દીદીએ તપનને બૂમ પાડી. ડ્રોઈંગ રૂમના સોફા પર ઊંધો પડીને તપન ટી.વી. સામે એક નજરે જોઈ રહ્યો હતો. ટી.વી. પરનો કાર્યક્રમ જોવામાં એ એટલો બધો તલ્લીન થઈ ગયો હતો કે દીદીની બૂમ એના કાન સુધી પહોંચી જ નહીં.

કંટાળીને દીદી કિચનની બહાર આવી. ટી.વી. પર મારામારીનું દૃશ્ય ચાલી રહ્યું હતું. આ દૃશ્ય જોઈને તપન પણ તાનમાં આવી ગયો. 'દે... દે... એક ઓર દે' ઉત્સાહમાં આવીને એ પણ હીરોના જેવી જ એક્શન કરવા લાગ્યો. દીદી બોલી, 'તપન, ક્યારની બૂમો પાડું છું. સાંભળે છે ? મને થોડી હેલ્પ કર.' તપનનો હાથ પકડીને દીદી એને ઊભો કરવા ગઈ. પણ એણે ઝાટકો મારીને દીદીનો હાથ છોડાવી દીધો. ''આજે તો તારો વારો કાઢું, જોઈ લેજે.'' દીદી મનમાં બબડતી રસોડામાં ચાલી ગઈ.

રાત્રે ડાઈનીંગ ટેબલ પર મમ્મી સામે દીદીએ તપનની ફરીયાદો ચાલુ કરી, ''મમ્મી, આખો દિવસ ટી.વી. સામે બેસી બેસીને તપન સાવ ભોદુ થઈ ગયો છે. જાડીયો ચશ્મીસ. એના ફ્રેન્ડસ સાથે રમવા પણ નથી જતો ને મને હેલ્પ પણ નથી કરતો. આજે તો

"મમ્મી, આખો દિવસ ટી.વી. સામે બેસી બેસીને તપન સાવ ભોદુ થઈ ગયો છે. જાડીયો ચશ્મીસ."

મેં એને હેલ્પ કરવા કહ્યું તો એણે મને માર્યું.''

દર બીજા કે ત્રીજા દિવસે મમ્મીને તપન માટે ફરિયાદો સાંભળવા મળતી. રોજ ઓફિસેથી આવતા મોડું થતું હોવાથી તેઓ પૂરતો સમય તપનને આપી શકાતા નહોતા. એમણે ઘણી વાર તપનને નિયમમાં રહીને ટી.વી. જોવા માટે સમજાવ્યું હતું. આજે પણ ફરી કહ્યું, ''બેટા, ટી.વી. જોવાની તને છૂટ છે પણ આપણે ભેગા મળીને ટી.વી. જોવા માટેનું જે ટાઈમટેબલ બનાવ્યું છે એને તો તારે અનુસરવું જોઈએ કે નહીં ? આપણે નક્કી કરેલા કાર્યક્રમો સિવાય તું આ ફિલ્મો અને સીરીયલો જોયા કરીશ તો તારી આંખો કેટલી ખરાબ થાય ! ડૉક્ટર અંકલે કહ્યું હતુંને કે વધારે ટી.વી. જોઈશ તો ચશ્માના નંબર વધી જશે ?''

તપન નીચું મોં કરીને મમ્મીની વાતો સાંભળતો હતો. થોડા દિવસ પહેલા છાપામાં આવેલો ટી.વી. પરનો લેખ વાંચી સંભળાવતા મમ્મીએ કહ્યું, ''જો, બેટા આ લેખ કહે છે કે,

- જે બાળકો, દિવસના ૪ કલાકથી વધુ ટી.વી. જુએ એ શરીરે જાડા અને ભદ્દા થતા જાય. શરીરમાં ચરબી વધી જવાથી આળસુ થતા જાય.
- જે છોકરાઓ બહુ ટી.વી. જોઈને મોટા થાય, તેમનામાં હિંસક વૃત્તિઓ વધારે હોય.
- સતત ટી.વી. સ્ક્રીન પર જોવાથી આંખનું આરોગ્ય ૪૦ ટકા જેટલું બગડે છે.

તને આવું પસંદ પડશે ?'' મમ્મીએ પૂછ્યું.

માથું ધુણાવી તપને ના પાડી. એણે નક્કી કર્યું કે હવેથી એ ટાઈમ ટેબલ પ્રમાણે જ ટી.વી. જોશે. પણ થોડા દિવસમાં તો એને સીરીયલો યાદ આવવા લાગી અને ફરી એ પહેલાની જેમ જ ટી.વી. જોતો થઈ ગયો.

"એણે નક્કી કર્યું કે હવેથી એ ટાઈમ ટેબલ પ્રમાણે જ ટી.વી. જોશે. પણ થોડા દિવસમાં તો એને સીરીયલો યાદ આવવા લાગી અને ફરી એ પહેલાની જેમ જ ટી.વી. જોતો થઈ ગયો."

વેકેશનમાં મમ્મીએ એક અઠવાડિયા માટે ગીતુ માસીને ત્યાં જવાનો પ્રોગ્રામ બનાવ્યો.

''રાજપુર ? ઓહ નો ! મારે ત્યાં નથી આવવું. પ્લીઝ મમ્મી, હું ત્યાં આખો દિવસ શું કરીશ ? કંટાળો આવી જશે.'' તપને ન જવા માટે ઘણાં બહાના બનાવ્યા. પણ એનું કંઈ ના ચાલ્યું.

ગીતુ માસીનો દીકરો શુભ, તપન જેવડો જ. એટલે તપનના આવવાથી એ ખુશ ખુશ થઈ ગયો. આવતાંની સાથે જ એ તપનને એના ફ્રેન્ડસને મળાવવા લઈ ગયો. પણ તપનને બિલકુલ ગમતું ન હતું. એ તો મનમાં પાછા જવાના દિવસો ગણતો હતો. રાત્રે જમી કરીને, માસા-માસીએ કેરમ રમવાનો પ્લાન બનાવ્યો પણ તપનને ટી.વી. જોવાનું ખૂબ જ મન થતું હતું. એની મનપસંદ સીરીયલમાં આગળ શું થશે એ જાણવાની એને ખૂબ કુતુહલતા થઈ. પણ શુભના ઘરે કેબલ ન હતું. એટલે ફક્ત દૂરદર્શન જ આવે. તપન નારાજ થઈ ગયો.

''મને કેરમ રમતા નથી આવડતું, મારે નથી રમવું.'' તપને અકળાઈને કહ્યું.

''વાંધો નહીં. તું મારી ટીમમાં આવી જા. રમી તો જો, તને મજા આવશે.'' શુભે તપનને પ્રોત્સાહન આપતા કહ્યું. અને ખરેખર, તપનને કેરમ

રમવાની ખૂબ મજા આવી.

બીજા દિવસે સવારે પ્રભાત ફેરીમાં જવાનું હતું. વહેલા ઉઠવાનું તપન માટે કઠિન હતુ પણ રાતના સૂતા પહેલા જ શુભે તપનને જેમ તેમ કરીને વહેલા ઉઠવા માટે મનાવી લીધો.

પરોઢિયે વાતાવરણમાં પક્ષીઓનો કલરવ, આછો આછો ઠંડો પવન અને ભક્તિ ગીતો સાંભળી તપનનું મન એકદમ પ્રફુલ્લિત થઈ ગયું. ટી.વી.ના કૃત્રિમ શો કરતા સવારનું આ કુદરતી સૌન્દર્ય કેટલું રમણીય હતું ! કેટલા દિવસો પછી તપને ઉગતો સૂરજ જોયો. ઘરે તો મોડી રાત સુધી ટી.વી. જોવાને કારણે એની સવાર પણ મોડી જ પડતી. એ દિવસે બપોરે, શુભ તપનને ત્યાંની લાઈબ્રેરીમાં લઈ ગયો. સાંજે મિત્રોની મંડળી ક્રિકેટ રમવા ભેગી થઈ. મોડી સાંજ સુધી ક્રિકેટ રમ્યા બાદ બધા થાકીને લોથ-પોથ થયા એટલે તળાવની પાળે આવીને બેઠા. આકાશ તરફ જોતાં શુભે તપનને ગમ્મતમાં કહ્યું, ''જો તપન, આ આકાશનું સ્ક્રીન તો તારા ટી.વી.ના એલ.સી.ડી. સ્ક્રીન કરતા અનેક ગણું મોટું છે !''

❝જો તપન, આ આકાશનું સ્ક્રીન તો તારા ટી.વી.ના એલ.સી.ડી. સ્ક્રીન કરતા અનેક ગણું મોટું છે ! ❞

આમ, દિવસો પસાર થવા લાગ્યા ક્યારેક વાડીમાં જઈને જાંબું તોડવાનો પ્લાન બને તો ક્યારેક હાઈકિંગ કરવાનો (ટેકરી ચડવાનો). રાત પડે એટલે ક્યારેક શુભ અને તપન ચેસ રમે, તો ક્યારેક લાઈબ્રેરીમાં વાંચેલી ચોપડી પર ચર્ચા કરે. ક્યારેક તો દીદી, માસા-માસી અને મમ્મી સાથે વાર્તાની કે અંતાક્ષરીની સેશન પણ જામે.

આમ કરતા એક અઠવાડિયું તો જોતજોતામાં પસાર થઈ ગયું અને પાછા જવાનો દિવસ પણ આવી ગયો. જે તપન રાજપુર ન આવવા માટે બહાના બનાવતો હતો, તે હવે રોકાઈ જવા માટે કારણો શોધવા લાગ્યો. પણ મમ્મીને પાછી ઓફીસ શરૂ કરવાની હતી અને દીદીને પણ ક્લાસીસ હતા તેથી વધુ રોકાવાય એવું હતું નહીં.

રસ્તામાં દીદી તપનની મસ્તી કરતા બોલી, ''જાડુ, તારે તો રોકાય જવું હતું ને ! તને તારું ટી.વી. યાદ ના આવ્યું ?''

''ટી.વી.?'' અઠવાડિયાના ટી.વી.ના અપરિચયથી તપનને જાણે એ વિસ્મૃત જ થઈ ગયું હતું ! આટલા દિવસ ટી.વી. જોયા વગર ગાળ્યા, ત્યારે એને સમજાયું કે ટી.વી. જોવામાં એનો કેટલો બધો સમય વેડફાઈ જતો હતો ! એ વિચારતો થઈ ગયો, 'મેં એક જ અઠવાડિયું ટી.વી. ના જોયું તો કેટલું બધું મેળવ્યું ! નવા ફ્રેન્ડસ બન્યા, નવી નવી ચોપડીઓ વાંચી, લોકો સાથે હળતો-મળતો થયો, જેથી નવી વાતો જાણવાની મળી, કુટુંબીજનો સાથે સમય પસાર કર્યો તેથી એમને પણ સંતોષ થયો, જુદી જુદી રમતો શીખ્યો, ઉગ્ર વિચારો પણ બંધ થઈ ગયા, શરીરમાં જાણે સ્ફૂર્તિ આવી ગઈ, આંખો તો દુખવાની જ બંધ થઈ ગઈ.' ટી.વી. જોયા વગર પણ આટલી મજા આવે છે એવું જ્યારે એણે અનુભવ્યું ત્યારે એમને સમજાયું કે ટી.વી. એ કેટલું મોટું બંધન હતું.

''ના દીદી, જરાય યાદ નથી આવતું. તું જોજે ને, હવે હું ભોટુ પણ નહીં રહું. એટલો બધો વ્યવસ્થિત થઈ જઈશ કે તું મને 'જાડુ' કહીને નહીં ચીઢવી શકે !'' તપને અંગુઠાથી 'ડીંગો' કરી હસતા હસતા દીદીને કહ્યું.

ચિત્તના ફોટા

પાર્થ, ઈશાન અને પારસ વિજ્ઞાનના ટ્યુશન ક્લાસમાં આવ્યા. દાખલ થતાં જ પારસે ટીચરને પૂછ્યું,
ટીચર, આજે હું કેમેરો લઈ આવ્યો છું. યાદગીરીરૂપે આપણો એક ગ્રુપ ફોટો પાડવો છે. અત્યારે પાડું?
હા, પાડી લે.
બધા ગોઠવાઈ ગયા. પારસ ક્લિક કરવા જાય છે પણ..
ઓહ નો! ફોટો નહીં પાડી શકાય.
કેમ ?
રોલ પૂરો થઈ ગયો છે માટે.
હાસ્તોને.
રોલમાં જગ્યા હોય તો જ ફોટો પડે ?
રમા ટીચરે શરીરની રચના શીખવાડવાનું શરૂ કર્યું.
ચાલો હવે, સમય બગાડ્યા વગર ભણવાનું શરૂ કરી દઈએ.
અને પાર્થ ત્રિવેદી બોક્સિંગ ચેમ્પિયન બન્યો છે. હુ રરરરે......

પાર્થ, ક્યાં ખોવાઈ ગયો ? મેં શું શીખવાડ્યું હમણાં ? શરીરની રચના વિશે બોલ તો.
ઓહ... સોરી ટીચર. શું પૂછ્યું તમે ? ફરી કહેશો, મારું ધ્યાન નહોતું.
હં... મેં એમ પૂછ્યું કે ગઈ કાલે રાત્રે ટી.વી. પર તે કયું પિક્ચર જોયું હતું ?
તમને કેવી રીતે ખબર પડી ગઈ? મેં ગઈ કાલે બોક્સિંગ રમત પરનું પિક્ચર જોયું હતું. મને અત્યારે એ યાદ આવતું હતું.
એટલે અત્યારે ભણવાના સમયે સાહેબ પિક્ચરમાં ખોવાયેલા છે, એમને ? આ ટી.વી.ને સિનેમામાં આપણને મજા આવે છે, પણ મજા આવવાથી ચિત્ત બગડ્યા કરે છે અને એટલે પછી એકાગ્રતા નથી રહેતી.
ચિત્ત ?
ચિત્ત એટલે શું, ટીચર ?
હમણાં પારસના કેમેરામાં ફોટો કેમ ન પડ્યો ?
રોલ પૂરો થઈ ગયો તેથી.
હં. એવી જ રીતે આપણા શરીરમાં ચિત્ત હોય છે. એનું કામ ફોટો પાડવાનું હોય છે. એ જ્યાં એકાગ્ર થાય ત્યાં એ ફોટો પાડી લે અને યાદ રાખી લે.
ટી.વી. ને સિનેમાના કારણે એની એકાગ્રશક્તિ એમાં જ વપરાઈ જાય છે. તેથી ભણતી વખતે એ એકાગ્ર થતું નથી. પરિણામે ભણવાનું યાદ રહેતું નથી.


ટી.વી. ને સિનેમાના કારણે એકાગ્રશક્તિ કેમ તૂટી જાય છે?
જેમ રોલ પૂરો થઈ જવાથી વધારાના ફોટા પાડવાની જગ્યા નથી રહેતી એમ ચિત્તમાં ટી.વી. ને સિનેમાના દ્રશ્યો યાદ રહી જવાથી ભણવાનું યાદ રાખવાની જગ્યા નથી રહેતી.
ઓહ, તમારી વાત સાચી છે ટીચર, અત્યારે મને અંદર બોક્સિંગ જ ઘુમ્યા કરતું હતું તેથી તમે શું ભણાવી રહ્યા છો એમાં મારું ધ્યાન સ્થિર નહોતું થતું.
તો હવે પિક્ચરના બધા ફોટા ભૂંસી નાખજે.
એ કેવી રીતે ?
રોજ ભણતા પહેલા આંખો બંધ કરીને ૧૦ મિનિટ અક્ષરે અક્ષર વંચાય એ રીતે 'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' બોલવાથી ચિત્ત શુદ્ધ થાય છે અને એકાગ્રતા વધે છે.
હું ચોક્કસ કરીશ.
પણ હવે બધા ટી.વી. જોવાનું ઓછું કરશો ને ?
હા.
હા.
હા.
હા.

આ તો નવી જ વાત !

પછી બીજો વિચાર આવ્યો કે 'જે અવળું જલદી પ્રચાર કરી શકે છે તે સવળું પણ એટલી જ ઝડપથી પ્રચાર કરશે. જે ટેલિવિઝન ઊંધું શીખવાડવા આવ્યું છે ને, તે છતું પણ શીખવાડવામાં જોર કરશે.'



ઐતિહાસિક ગૌરવગાથાઓ

બાળમિત્રો, તમે સૌએ પાલિતાણા તીર્થક્ષેત્રની વાતો તો સાંભળી જ હશે. આ વાર્તા પાલિતાણાના પર્વત પર આવેલા એક મંદિરની છે. આજથી લગભગ ૨૦૦-૩૦૦ વર્ષ પહેલાની આ વાત છે. એ પર્વત પર લાખા નામનો એક ગરીબ મજૂર રહેતો હતો. તે રોજ સવારના કામ કરવા નીકળી જાય અને ૪-૫ કોડીયો (પૈસા) કમાઈને રાત્રે પાછો આવે. એની પરિસ્થિતિ એવી હતી કે રોજે રોજનું કમાય અને એમાંથી જ જમવાની વસ્તુઓ લઈ આવે અને એ અને એની પત્ની રાંધીને ખાય. છતાંય પણ બન્ને સુખ-શાંતિથી રહેતા હતા.

એક દિવસ પાલિતાણા પર્વત પર આવેલા એક મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રસંગ હતો. ગામેગામથી લોકો આવ્યા હતા. નાના-મોટા, ગરીબ - પૈસાદાર, ખેડૂત, નગરશેઠ, શાહુકારો, મજૂરો, બધા જ લોકો આ શુભ અવસર ઉજવવા હાજર હતા. ચારે બાજુ ઉલ્લાસનું વાતાવરણ હતું, કારણ કે ભગવાનની મૂર્તિમાં પ્રાણ પૂરાવાના હતા. જાણે સાચા ભગવાન જ પધારવાના ન હોય!

એની પરિસ્થિતિ એવી હતી કે રોજે રોજનું કમાય અને એમાંથી જ જમવાની વસ્તુઓ લઈ આવે અને એ અને એની પત્ની રાંધીને ખાય

લાખો મજૂર ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. એને કુતુહલ થયું કે 'અહીં શું ચાલી રહ્યું છે?' તપાસ કરતાં જાણ થઈ કે અહીં મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. એ બિચારાએ તો ક્યારેય આવો પ્રસંગ જોયો ન હતો. એને એ જાણીને ખૂબ ખુશી થઈ કે ભગવાનમાં પ્રાણ પૂરાશે! પોતે ખૂબ જ થાકી ગયો હોવા છતાં એ ત્યાં થોભી ગયો અને ઉજવણીમાં જોડાઈ ગયો.

તે જમાનામાં એવો રિવાજ હતો કે મંદિરમાં પ્રતિષ્ઠાના દિવસે જે સૌથી વધુ દાન આપે એ વ્યક્તિના નામની તકતી મંદિરના દરવાજે લાગે, જેથી મંદિરમાં આવતા જતા સહુને ખબર પડે કે સૌથી વધુ દાન કોણે આપ્યું છે. પ્રતિષ્ઠા ધામધૂમથી પૂરી થઈ. નાના-મોટા સૌ ભગવાન પધાર્યાના આનંદમાં તલ્લીન થઈને નાચી રહ્યા હતા અને ગરબે ઘૂમી રહ્યા હતા. મંદિરની એક બાજુ પ્રસાદનું વિતરણ ચાલુ હતું અને બીજી બાજુ મંચ જેવું બનાવ્યું હતું, ત્યાં દાન આપવાની વિધિ ચાલુ હતી. બધા ભક્તો ઉલ્લાસભેર દાનનો ચઢાવો (દાનની રકમ) બોલી રહ્યા હતા.

મહંત જમીનદારે ૧૦,૦૦૦ સોનામહોરો લખાવી. આ જોઈ શામજીભા નગરશેઠે ૧૨,૫૦૦ સોનામહોરો લખાવી. આ જોઈ બીજા નગરશેઠે ૧૫,૦૦૦ મહોરો લખાવી. ત્યાં તો ધનાએ ઘીના ૧૦૮ મણ ડબ્બા દાનમાં લખાવ્યા. લાખો મજૂર આ બધું ધ્યાનથી જોઈ રહ્યો હતો. એને પણ દાન આપવાનું મન થયું. એણે વિચાર્યું કે, ''જો હું આ ભગવાનની પ્રતિષ્ઠામાં આજની કમાયેલી ચારેય કોડીઓ દાનમાં આપી દઉં તો કેટલું સારું થાય! હું તો કાલે પણ કમાઈ લઈશ પણ મારે આ લાભ આજે ચૂકવો નથી...'' આટલું વિચારી એ જ્યાં દાનની રકમ લખતા હતા ત્યાં પહોંચ્યો. શેઠ-શાહુકારોની



ભીડમાંથી રસ્તો કરતો એ આગળ ગયો. બધાની વચ્ચે પોતાની કમાયેલી ચારેય કોડીઓ દાનમાં આપતા એને શરમ આવી. હજારો સોનામહોરો સામે ૪ કોડીઓની શું કિંમત ! છતાંય એ ત્યાં હરોળમાં ઊભો રહી ગયો.

“પણ... મારી પાસે ફક્ત ચાર કોડી છે, જે હું આજે કમાયો છું.”

ધોતિયું અને બંડી પહેરેલો લાખો શરીરે દુબળો દેખાતો હતો. આખા દિવસની મજૂરીના કારણે એના શરીરમાંથી પરસેવાની વાસ પણ આવી રહી હતી. ભિખારી જેવા લાગતા લાખાને કોઈ હરોળમાં ઊભા રહેવા નહોતું દેતું. લાખો પણ થોડો સંકોચાઈને પાછળ ચાલ્યો જતો.

લાખાને જોઈ અમુક ભક્તોને ખૂબ ચીડ ચઢી. તેઓ મનમાં અકળાતા કે આવા શુભ અવસર પર આ ભિખારી અહીં ક્યાંથી આવી ચઢ્યો...! એમણે મંદિરના પૂજારીજીને વાત કરી. પૂજારીજીએ લાખાને મંચની બાજુમાં બોલાવ્યો. લાખો તો ખૂબ ગભરાઈ ગયો. હિંમત કરીને એ મંચ પાસે પહોંચ્યો. સામે મોટા ભગવાનની મૂર્તિ દેખાતી હતી. સુંદર આભૂષણો અને વિવિધ રંગબેરંગી ફૂલોથી સજેલી ભગવાનની મૂર્તિ ખૂબ જ સુંદર લાગતી હતી. લાખાએ દર્શન કર્યા. પૂજારીજીએ લાખાને બેસાડીને પૂછ્યું, “ભાઈ, તારું નામ શું છે અને અહીં શું કામ આવ્યો છે ?” લાખા એ અત્યંત નમ્રતાથી પણ થોડુંક ગભરાતા જવાબ આપ્યો, “નામદાર, હું લાખો મજૂર છું. મજૂરી કરીને કોડીઓ કમાવું છું અને મારું ગુજરાન ચલાવું છું. હું અહીંથી જઈ રહ્યો હતો અને આ ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા જોતા જ હું અંજાઈ ગયો. મને પણ દાન આપવાની ઈચ્છા થઈ ગઈ. મારા પૈસા પણ જો ભગવાનના કામોમાં વપરાય તો કેટલું સારું થાય ! પણ.....” બોલતા બોલતા લાખો થોડો અચકાઈ ગયો. પૂજારીજી ઉઠીને લાખાની બાજુમાં આવ્યા અને પ્રેમથી પૂછ્યું, “પણ શું ?” પૂજારીજીનું સ્મિત જોઈ લાખાને થોડી હિંમત આવી. એણે પોતાની વ્યથા સમજાવતા કહ્યું, “પણ... મારી પાસે ફક્ત ચાર કોડી છે, જે હું આજે કમાયો છું.” પૂજારીજીએ આશ્વાસન આપતા કહ્યું કે, “વાંધો નહીં લાખાભાઈ, તું એમાંથી કેટલી કોડી આપવા ઈચ્છે છે ?” લાખાએ જવાબ આપ્યો, “હું ચારેય કોડીઓ દાનમાં આપવા ઈચ્છું છું. શું તમે એ સ્વીકાર કરશો ?” પૂજારીજીને થોડું આશ્ચર્ય થયું પણ સાથે ખૂબ ખુશી પણ થઈ. પૂજારીજીએ એની ભાવનાને માન આપી અને ચારેય કોડીઓ દાન પેટીમાં નાખી અને દાનની બોલીની પ્રક્રિયા આગળ ચલાવી.

વધુ આવતા અંકે

મીઠી યાદેં

નીરુમા ડૉક્ટરનું ભણતા ત્યારે એમને ચશ્મા હતા. પણ તેઓ આખો દિવસ પહેરતા નહીં, ફક્ત વાંચતી વખતે પહેરે. દાદા સામે તેઓ ક્યારેય ચશ્મા પહેરીને ન જાય. એક વાર દાદા ઔરંગાબાદ નીરુમાના ઘરે આવ્યા હતા. તે દિવસે નીરુમા હોસ્પિટલથી આવ્યા ત્યારે ચશ્મા ઉતારવાના ભૂલી ગયા. જેવા નીરુમા અંદર આવ્યા કે દાદા કહે, ''એ નીરુ, અહીંયા આવ. આ દાબડા શેના ઘાલ્યા છે?''

નીરુમા કહે, ''આ દાબડા નથી, આ તો ચશ્મા છે.''

દાદા કહે, ''એમ? પણ શેના ચશ્મા? શોખના છે ?''

નીરુમા કહે, ''ના દાદા, નંબરના છે.'',

''તારે નંબર છે ?'' દાદાએ પૂછ્યું. નીરુમા કહે, ''હા.''

દાદા કહે, ''કાઢી નાખ, કાઢી નાખ. તું ચશ્મા પહેરે તો લોકો શું કહેશે કે તમને દેખાતું નથી તો અમને શું દેખાડશો, કાઢી નાખ.''

દાદા કહે એટલે પૂરું. નીરુમાને બીજો વિચાર જ ન આવે. એમણે તો તરત ચશ્મા ફેંકી દીધા. બીજે દિવસે એ કોલેજ ગયા. એમને ચશ્મા વગર જોઈને એમના મોટા સર, જે પંજાબી હતા, એમણે કહ્યું, ''નીરુ, ચશ્મા પહન. ચશ્મા નહીં પહનેગી તો આંખ ખરાબ હો જાયેગી ઔર નંબર બઢ જાયેંગા.'

આ સાંભળીને નીરુમા કહે, ''મેરા ચશ્મા તો ગયા.''

પેલા પંજાબી સર કહે, ''ઉલ્લુ બનાતી હે? કૈસે ગયા ?''

નીરુમા કહે, ''સચ, ચેક કર લો. મેરા ચશ્મા તો ગયા.''

સરે તરત એમની આંખો ચેક કરી. નીરુમા છેલ્લી લીટી સુધી ચશ્મા વગર બધું સડસડાટ વાંચી ગયા. સરને તો માનવામાં જ ન આવે કે એવું કેવી રીતે બને? એક જ દિવસમાં આટલો ફરક ! નીરુમાએ એમને દાદાની વાત કરી. સર બહુ ખુશ થઈ ગયા. ત્યાર બાદ તેઓ પણ તેમના પત્ની સાથે દાદાના દર્શન કરવા ગયા હતા.

જોયું મિત્રો, આમ તો ચમત્કાર જેવું કશું હોતું નથી, છતાં જ્ઞાનીનું બધું આશ્ચર્યકારી જ હોય છે.



ચાલો

૧

નીચેના ચિત્રમાંથી ૨૦ તફાવત શોધો





રમીએ...

૨

ખાલી ચોરસ એવી રીતે પૂરો જેથી કરીને દરેક સીધી કટાર, ઊભી કટાર કે ૩x૩નો બ્લોકમાં બધા ૧ થી ૯ના આંકડા હોય. જો તમે બુદ્ધિ વાપરશો તો તમને અટકળ કરવી નહીં પડે.

	5	4	8					
				3				1
			5		6	9		
	4				3		5	
		7		5		6		
	1		4				2	
		6	9		4			
1								
					7	3	8	

૩

કાચબાને રસ્તો શોધવામાં મદદ કરો.

૪

નવ સીક્કા નીચે મુજબ ગોઠવેલા છે. એક સીધી લીટી ત્રણ સીક્કાને જોડે છે. આ ગોઠવણીમાં આઠ સીધી લીટી બને છે. એક સીક્કો એવી રીતે ખસેડો કે જેથી કરીને નવ સીધી લીટી બની શકે.



નીરુમા સાથે બાળકો

પ્રશ્નકર્તા : નીરુમા, હું એક વસ્તુ ઉપર ધ્યાન રાખું તો બીજી વસ્તુ ઉપર ધ્યાન નથી રહેતું. ઘણી કોશિશ કરું તો પણ નથી રહેતું, એનું શું કારણ?

નીરુમા : એક સાથે બે વસ્તુ કરવામાં કે એક પછી એક કરે તો ધ્યાન નથી રહેતું?

પ્રશ્નકર્તા : એક વસ્તુ વિચારીને કરું પછી બીજી વસ્તુ વિચારું ત્યારે એની ઉપર ધ્યાન જ નથી રહેતું અને પહેલા ઉપર જ ધ્યાન જતું રહે છે.

નીરુમા : એક સમયે એક જ કામ કરવાનું હોય. તું જે કોઈ પણ વસ્તુ કરવા બેસેને તો એ વખતે એ જ વસ્તુ કરવાની. પછી એ પૂરું થાય એટલે બીજુ વિચારવાનું. જે સમયે જે વિચારે તે સમયે તે જ કરવાનું, તો જ તારો પ્રોગ્રેસ થશે.

પ્રશ્નકર્તા : હા, એવી રીતે કરવાનો પ્રયત્ન કર્યો પણ જે પહેલા કર્યું'તું એની ઉપર જ ધ્યાન જતું રહે છે.

નીરુમા : પહેલું કામ પૂરું થઈ ગયા પછી?

પ્રશ્નકર્તા : હા.

નીરુમા : લે. તું કેવી વાત કરે છે ! પૂરું થઈ ગયું એટલે પછી એને ભૂલી જવાનું હોય અને પછી નવું કામ ચાલુ કરવાનું હોય. ભૂતકાળ ગયો એટલે કાયમનો ગયો. એ ફરી પાછો ના આવે, એનું નામ ભૂતકાળ. એક કામ પૂરું થઈ ગયું પછી એ વિચારવાનું નહીં. પછી નવું જે સામે આવે એ જ પૂરું કરવાનું હોય. એટલે તું જ્યારે ભણવા બેસે ત્યારે ભણવામાં જ ધ્યાન આપવાનું. પછી ત્યારે રમવાના વિચાર નહીં કરવાના. અને રમવા જાય ત્યાં ભણવાનું નહીં લાવવાનું કે હવે હોમવર્ક નહીં કર્યું હોય તો માસ્તર મારશે તો... એવા બધા વિચારો નહીં કરવાના. પછી એ વખતે રમી લેવાનું. પછી પાછું ઘરે આવીને વાંચી લેવાનું. જમવા બેસે ત્યારે જમવામાં જ ધ્યાન રાખવાનું. જમતી વખતે પછી વિચારથી રમવા નહીં જતું રહેવાનું. એવું નક્કી કર અને દાદા ભગવાન પાસે શક્તિ માંગવાની અને જે કાંઈ કરવા બેસેને એ પહેલા પ્રાર્થના કરવાની કે 'હે દાદા ભગવાન! મને શક્તિ આપો કે અત્યારે હું જે કરું છું એમાં જ મારું ચિત્ત રહે. અને એ પૂરું થાય પછી એમાંથી બહાર નીકળી જાઉં.' એવી શક્તિઓ માંગવાની.

પ્રશ્નકર્તા : નીરુમા, આપણે મહાવિદેહ ક્ષેત્રથી આ ભરતક્ષેત્રમાં પાછા આવી શકીએ ખરા?

નીરુમા : હા, ત્યાં પછી આપણે સખણાં ના રહીએ તો અવાય. આપણે સખણું રહેવું પડેને. પછી ભગવાન સીમંધર સ્વામીને શું કામ છોડીએ?

પઝલના જવાબો

૧

૨

7	5	4	8	9	1	2	6	3
8	6	9	7	3	2	5	4	1
2	3	1	5	4	6	9	7	8
6	4	8	2	7	3	1	5	9
9	2	7	1	5	8	6	3	4
5	1	3	4	6	9	8	2	7
3	8	6	9	2	4	7	1	5
1	7	2	3	8	5	4	9	6
4	9	5	6	1	7	3	8	2

૪



iSTAR 2011

અંધશાળામાં બાળકોને પીરસતા

સત્સંગ સેશન

દિલ્હી લોટ્સ ટેમ્પલની મુલાકાતે

Istar ભાઈઓની ઝલક

એક્ટીવીટીઝ

પૂજ્યશ્રી સાથે ગ્રુપ ફોટો

Istar બહેનોની ઝલક

આગ્રા તાજ મહેલની મુલાકાતે

જન્માષ્ટમી પ્રસંગે સેવા કરતી બહેનો

Akram Express
October 2011
Year : 4, Issue : 2
Conti. Issue No.: 38

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

સ્વામીને પ્રક્ષાલ બાદ ગ્રુપ ફોટો

બહેનોના આપ્તસિંચનની મુલાકાત દાદા દર્શન

પૂજ્યશ્રી સાથે ગ્રુપ ફોટો

પૂજ્યશ્રીની ગોલ્ડન ટેમ્પલ મુલાકાતની ઝલક

પૂજ્યશ્રીની મુલાકાત દરમ્યાન સન્માન તરીકે મંદિર અગ્રણીઓ દ્વારા શાલ-પુસ્તકોની ભેટ

લંગર (ભોજનશાળા)માં પંગતમાં બેસી પ્રસાદ લેતા પૂજ્યશ્રી

ગોલ્ડન ટેમ્પલના પ્રાંગણમાં પૂજ્યશ્રી

અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સુચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.